TATA SHAKTEE GC SHEET
JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
ISC Indian Steel Corporation Ltd.
durashine TATA BLUESCOPE STEEL
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૨ આસો વદ બારસ શુક્રવાર ૬ નવેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૩૨૧

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦


શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?

ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેકટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

### આરોપીને કોર્ટમાં રજૂ કરવા માટેના 24 કલાકના સમયગાળા સંબંધે સર્વોચ્ચ અદાલતી સાફ વાત

# અટકાયત સાથે જ 24 કલાકનું કાઉન્ટડાઉન શરૂ : સુપ્રીમ



## બાબા કેદારનાથ ધામને તાજી બરફવર્ષાથી કુદરતે કર્યો શણગાર

ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં આવેલા પ્રસિદ્ધ યાત્રા સ્થળ કેદારનાથ ધામ નજીક હિમવર્ષાને કારણે મંદિર પરિસર અને આસપાસની ટેકરીઓ બરફની સફેદ ચાદરથી ઢંકાઈ ગઈ છે. જાણે કે કુદરતે પોતે જ રાતોરાત તાજી હિમવર્ષાથી ધામને ચાંદીથી શણગાર્યું હોય તેવું પ્રતિત થાય છે. યાત્રા હવે તેના અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે, અને ભાઇ બીજે કેદારનાથ મંદિરના દ્વાર બંધ કરવામાં આવશે. વધતી ઠંડી અને સતત હિમવર્ષા છતાં, 'બાબા કેદાર' પ્રત્યે ભક્તોની અતૂટ શ્રદ્ધા અને ઉત્સાહ અકબંધ છે. અત્યાર સુધીમાં કુલ 19 લાખથી વધુ ભક્તોએ ભગવાન કેદારનાથના દર્શન કરીને તેમના આશીર્વાદ મેળવ્યા છે.

**વિધિવત** ધરપકડ થાય ત્યારથી જ 24 કલાકની સમયમર્યાદા શરૂ થાય છે તે ખયાલ ખોટો છે : સુપ્રીમ કોર્ટ

**ધરપકડ** પહેલા લાંબા સમય સુધી પૂછપરછના નામે આરોપીને અટકાયતમાં રાખવો તે સત્તાનો દુરુપયોગ

**જો 24** કલાકની મર્યાદાનો ભંગ જણાય તો કોર્ટ અટકાયતમાં લેવાયેલી વ્યક્તિને તરત જ મુક્ત કરાવે

**નવી દિલ્હી, તા. 5(PTI):** એક મહત્વપૂર્ણ ચુકાદામાં, સુપ્રીમ કોર્ટે ગુરુવારે ચુકાદો આપ્યો છે કે ધરપકડ કરાયેલ વ્યક્તિને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવાની 24-કલાકની બંધારણીય સમયમર્યાદા તેની અટકાયત કરવામાં આવે તે ક્ષણથી જ શરૂ થાય છે, નહીં કે પોલીસ વિધિવત રીતે ધરપકડ કરે તે સમયથી.

### 24 કલાકની સમયમર્યાદાની ગણતરીમાં કેટલો સમય બાકાત રાખી શકાય?

ચુકાદામાં કહેવામાં આવ્યું છે કે 24-કલાકની સમયમર્યાદાની ગણતરી કરતી વખતે માત્ર એટલો જ સમયગાળો બાકાત રાખી શકાય છે જે ધરપકડના સ્થળેથી મેજિસ્ટ્રેટની કોર્ટ સુધી જવા માટે વાજબી રીતે જરૂરી હોય. તેમાં ઉમેર્યું હતું કે વિધિવત ધરપકડ પહેલાંની પૂછપરછ, તપાસ, શોધ કે જપ્તીમાં વિતાવેલો સમય બાકાત રાખી શકાય નહીં. કલમ 22(2) જોગવાઈ ઘરાવે છે કે કસ્ટડીમાં ધરપકડ કરાયેલ અને અટકાયત કરાયેલ દરેક વ્યક્તિને ધરપકડના સ્થળેથી કોર્ટ સુધીના પ્રવાસ માટે જરૂરી સમય સિવાય, ધરપકડના 24 કલાકની અંદર નજીકના મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવા જ જોઈએ.

બંધારણની કલમ 22(2)ના હેતુ માટે 'ધરપકડ' અને 'અટકાયત' વચ્ચે કોઈ કૃત્રિમ ભેદભાવ ન હોઈ શકે તેવું ઠેરવતા, જસ્ટિસ ઉજ્જલ ભુયાન અને જસ્ટિસ અતુલ એસ. ચંદુરકરની બેંચે જણાવ્યું હતું કે પોલીસને ઔપચારિક ધરપકડ પહેલાંની અટકાયતના સમયગાળાને બાકાત રાખવાની મંજૂરી આપતું કોઈપણ અર્થઘટન બંધારણીય દોરવણીથી વિપરીત હશે. બેંચે અવલોકન કર્યું કે, 24 કલાક માત્ર વિધિવત ધરપકડ પછી જ શરૂ થાય છે તેવો દ્રષ્ટિકોણ બંધારણની કલમ 22(2) અને BNSSની કલમ 56ના બંધારણીય આદેશની વિરુદ્ધ છે.'

સર્વોચ્ચ અદાલતનો આ ચુકાદો ચાર આરોપીઓની અપીલ પર આવ્યો છે, જેમણે NDPS એક્ટની વિવિધ જોગવાઈઓ હેઠળ નોંધાયેલા કેસના સંબંધમાં ત્રિપુરા હાઈકોર્ટ દ્વારા તેમની જામીન અરજી ફગાવી દેવાના આદેશને પડકાર્યો હતો. આ કેસમાં, 29 સપ્ટેમ્બર, 2025 ના રોજ બપોરે લગભગ 2.30 વાગ્યે આરોપીઓની કસ્ટડી લેવામાં આવી હતી, જ્યારે તપાસ એજન્સીએ કથિત રીતે તેમની પાસેથી 11.03 કિલોગ્રામ મેથમફેટામાઈન ટેબ્લેટ

...અનુસંધાન પાના 15 પર

## કસ્ટડીમાં હિંસા એ માનવ અધિકાર ભંગનું વરવું સ્વરૂપ : સુપ્રીમ કોર્ટ

**આ આપણા** દેશની એક કમનસીબ વાસ્તવિકતા છે

નવી દિલ્હી, તા. ૫ (PTI) : સુપ્રીમ કોર્ટે ગુરુવારે જણાવ્યું હતું કે કસ્ટોડીયલ હિંસા(પોલીસ કસ્ટડીમાં થતી હિંસા) એ માનવ અધિકારોના ઉલ્લંઘનના સૌથી ખરાબ સ્વરૂપોમાંનું એક છે. કોર્ટે ઉમેર્યું હતું કે તે આપણા દેશની એક કમનસીબ વાસ્તવિકતા છે જેને ન્યાયતંત્ર દ્વારા પણ સ્વીકારવામાં આવી છે.

જસ્ટિસ ઉજ્જલ ભુયાન અને જસ્ટિસ અતુલ એસ. ચંદુરકરની બેંચે જણાવ્યું હતું કે સર્વોચ્ચ અદાલતનો પ્રયાસ હંમેશા કસ્ટોડીયલ હિંસાને નાબૂદ કરવાનો રહ્યો છે, જે કમનસીબે ત્યારે થાય છે જ્યારે કોઈ વ્યક્તિ અટકાયતમાં હોય છે. આ અવલોકનો એક ચુકાદા દરમિયાન કરવામાં આવ્યા હતા, જેમાં સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે ધરપકડ કરાયેલી વ્યક્તિને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવા માટેની ૨૪ કલાકની બંધારણીય સમયમર્યાદા તે ક્ષણથી શરૂ થાય છે જ્યારે તેને અટકાયતમાં લેવામાં આવે છે, નહીં કે જ્યારે પોલીસ વિધિવત રીતે તેની ધરપકડ બતાવે ત્યારથી.

સર્વોચ્ચ અદાલતે ૧૯૭૯-૧૯૮૦ના ભયાનક 'ભાગલપુર બ્લાઇન્ડિંગ્સ'(કેદીઓને અંધ કરી દેવાની ઘટના) કેસના

...અનુસંધાન પાના 15 પર

## અમીશ શાહ એરિઝોનામાંથી અમેરિકી સંસદના પ્રતિનિધિગૃહમાં ચૂંટાયા



**હાઉસ** ઓફ રિપ્રેઝન્ટેટિવમાં પ્રવેશ મેળવનારા છઠ્ઠા ભારતીય બન્યા.

**રિપબ્લિકન** ઉમેદવાર ફૂટબોલર જે ફીલી સાથે ભારે રસાકસી બાદ છેવટે વિજયી જાહેર કરાયા.

**વોશિંગ્ટન, તા. 5(PTI):** ભારતીય-અમેરિકન ફિઝિશિયન અમિષ શાહે કોંગ્રેસમાં એરિઝોનાનું પ્રતિનિધિત્વ કરનારા પોતાના સમુદાયના પ્રથમ વ્યક્તિ બનીને ઇતિહાસ રચ્યો છે.

48 વર્ષીય શાહે બુધવારે એરિઝોનાના પ્રથમ કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટમાંથી 'યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ' માટેની ચૂંટણીમાં વિજય મેળવ્યો હતો. શાહે બુધવારે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "એરિઝોના, તમારા આગામી કોંગ્રેસમેન બનવું એ મારા જીવનનું સૌથી મોટું સન્માન છે."

શાહ અમેરિકી સંસદના પ્રતિનિધિગૃહમાં ચૂંટાયેલા છઠ્ઠા ભારતીય-અમેરિકન બન્યા છે. એરિઝોના હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના ત્રણ ટર્મ સુધી સભ્ય રહી ચૂકેલા શાહે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા સમર્થિત રિપબ્લિકન પાર્ટીના પૂર્વ નેશનલ ફૂટબોલ લીગ ખેલાડી જે ફીલીને હરાવ્યા હતા. શાહ અને ફીલી વચ્ચે ભારે ટક્કર જોવા મળી હતી,

જેમાં ડેમોક્રેટિક ઉમેદવાર શાહને 52.49 ટકા વોટ મળ્યા હતા, જ્યારે તેમના હરીફને 45.45 ટકા વોટ મળ્યા હતા. ડીસિઝન ડેસ્ક HQ એ બુધવારે રાત્રે 8:39 વાગ્યે શાહની જીતની જાહેરાત કરી હતી. શાહે કહ્યું, "જાહેર પદ માટે ચૂંટણી લડવી સરળ નથી, અને હું જે ફીલી દ્વારા આપવામાં આવેલી સખત ટક્કરની પ્રશંસા કરું છું." તેમણે ઉમેર્યું, "આ મતવિસ્તારના દરેક મતદાતાને - હું આપ સૌનો પ્રતિનિધિ બનીને કામ કરવાનો સંકલ્પ લઉં છું, પછી ભલે તમે મને મત આપ્યો હોય કે ન આપ્યો હોય." શાહે 2018, 2020 અને 2022 માં એરિઝોના સ્ટેટ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ માટે સતત ત્રણ ચૂંટણીઓ જીતી હતી. તેમણે સમગ્ર દેશમાં ડેમોક્રેટ્સ માટે જીતવાની સૌથી વધુ શક્યતા ધરાવતી એરિઝોનાની પ્રથમ કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટ બેઠક પરથી અમેરિકી સંસદ માટે ઉમેદવારી નોંધાવી હતી.

તા.૦૫-૧૧-૨૦૨૬નું વડોદરા શહેરનું
**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૨° સે. | ૧૯.૫° સે. | 33% |

## છ રાજ્યો , સંઘપ્રદેશોમાં સ્પેશ્યલ સમરી રિવિઝનની ચૂંટણી પંચની જાહેરાત

**મતદાર** યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા જ્યાં જાહેર કરવામાં આવી છે તે પ્રદેશોમાં દમણ અને દીવ, દાદરા-નગરહવેલીનો પણ સમાવેશ

**નવી દિલ્હી, તા. 5 (PTI):** ચૂંટણી પંચે ગુરુવારે અરુણાચલ પ્રદેશ, ચંદીગઢ, દાદરા અને નગર હવેલી, દમણ અને દીવ, મિઝોરમ, ઓડિશા અને સિક્કિમમાં મતદારયાદીની વાર્ષિક સ્પેશિયલ સમરી રિવિઝન (વિશેષ સંક્ષિપ્ત સુધારણા)ની જાહેરાત કરી છે.

મતદારયાદી સુધારણાની આ કવાયતનો હેતુ યોગ્યતા ધરાવતા મતદારો, ખાસ કરીને યુવાનો અને પ્રથમ વખતના મતદારોની નોંધણી કરવાનો છે, અને ૧ એપ્રિલ, ૧ જુલાઈ અને ૧ ઓક્ટોબર, ૨૦૨૭ના રોજ પાત્ર બનનારા લોકો પાસેથી આગોતરી અરજીઓની સુવિધા પૂરી પાડવાનો છે. સૂચિત મતદારયાદી ૩૦ નવેમ્બરે પ્રકાશિત કરવામાં આવશે. મતદારયાદીનું આખરી પ્રકાશન ૨૧ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ થશે.

પુનરાવર્તિત અથવા બહુવિધ એન્ટ્રીઓ ધરાવતા કિસ્સાઓમાં નામ કમી કરવાની અરજીઓની ક્ષેત્રીય ચકાસણી કરવી ફરજિયાત છે. મતદાન મથક પર બે ટકાથી વધુ મતદારોના નામ કમી થતા હોય અથવા જ્યાં એક જ વાંધા અરજદાર પાંચથી વધુ વાંધા દાખલ કરે ત્યાં ઈલેક્ટોરલ રજીસ્ટ્રેશન ઓફિસરોએ જાતે ક્રોસ-ચેક કરવું આવશ્યક છે. ફોર્મ ૬ અને ૮ માં આધાર વિગતો પૂરી પાડવી મરજિયાત રહેશે. આધાર વિગતો ન આપવાના કારણે નોંધણી માટેની કોઈ અરજી રદ કરી શકાશે નહીં, કે પછી હયાત એન્ટ્રી પણ કમી કરી શકાશે નહીં. ૧૫ ઓક્ટોબરના રોજ, ચૂંટણી સત્તામંડળે ચૂંટણી યોજાવાની છે તેવા ઉત્તર

...અનુસંધાન પાના 15 પર




